પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૮૭ | ૭ જુન, ૨૦૧૭, બુધવાર ; જયેષ્ઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# એમપીમાં ખેડૂત આંદોલન હિંસક બન્યું : પાંચના મોત

## પ્રદર્શનકારી ખેડૂતો પર પોલીસ ગોળીબાર : પાંચ ઘાયલ : શીવરાજે આપ્યો તપાસનો આદેશ : મધ્યપ્રદેશમાં આજે ખેડુતોએ આપ્યું રાજવ્યાપી બંધનુ કર્યુ એલાન, ત્રણ શહેરોમાં ઈન્ટરનેટ બંધ, મૃતક ખેડૂતના પરિવારને ૫-૫ અને ઘાયલને એક લાખની સહાય



ઈન્દોરતા.૬

રાજયના આ શહેરમાં કિસાનોનું આંદોલન આજે હિંસક બન્યું હતું. પોલીસે દેખાવકાર કિસાનો પર ગોળીબાર કરતાં ૩ કિસાનનાં મરણ નિપજ્યાં છે અને બીજાં ચાર જણ ઘાયલ થયા છે. બુધવારે મધ્યપ્રદેશના ખેડૂતોએ રાજ્યવ્યાપી બંધનું એલાન કર્યુ છે. જેને કારણે રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે ઉજ્જૈન, રતલામ અને મંદસૌરમાં ઈન્ટરનેટ અનો સોશિયલ મીડિયા બેન કરી દીધું છે.

આ કારણોસર મંદસૌર જિલ્લામાં પોલીસ અને ખેડૂતો વચ્ચે સંઘર્ષ થયો હતો. જેને પરિણામે પોલીસ ફાયરિંગમાં બે ખેડૂતોના મોત થયા છે. જ્યારે ત્રણ ખેડૂતો ઘાયલ થયા છે. મધ્યપ્રદેશના ખેડૂત આંદોલનની બે મુખ્ય માંગ કરજ માફી અને પૂરી કિંમતની છે.

મંદસૌરની ઘટના વિશે સીએમ શિવરાજ સિંહ ચૌહાણે જ્યુડિશિયલ ઈક્વાયરીનો ઓર્ડર આપ્યો છે. હોમ મિનિસ્ટર ભૂપેન્દ્ર સિંહે કહ્યું છે કે, છ દિવસથી આંદોલનને ઉગ્ર કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. પોલીસ ધીરજથી કામ લઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કતારમાં સાડા છ લાખ ભારતીય નાગરિકો ફસાતા ચિંતાનુ મોજુ

### વિદેશ મંત્રાલય દ્વારા વિવિધ પાસા પર ચર્ચા : ૧૯૯૧માં ઈરાક સામે યુદ્ધ બાદથી સૌથી મોટી કટોકટી



નવી દિલ્હી,તા. ૬

બહેરીન, ઈજિપ્ત, સાઉદી અરેબિયા સહિતના કેટલાક દેશોએ કતાર સાથે તમામરીતે છેડો ફાડી લીધા બાદ વર્ષ ૧૯૯૧ના ઈરાક સામેના યુદ્ધ બાદથી સૌથી જટિલ રાજદ્વારી કટોકટી સર્જાઇ ગઇ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. કારણ કે કતારમાં ૬૫૦૦૦૦ ભારતીય નાગરિકો રહેલા છે. સાઉદી અરબ, બહેરીન, ઈજિપ્ત અને સંયુક્ત અરબ અમિરાતે કતારની સાથે તમામ પ્રકારના રાજદ્વારી સંબંધો તોડી લીધા બાદ રાજદ્વારી કટોકટી સર્જાઇ ગઇ છે. આ તમામ દેશોએ કતાર પર આતંકવાદીઓને સમર્થન આપવાનો આક્ષેપ કર્યો છે. બેહરીને સોમવારે કતારની સાથે સંબંધો તોડી દેવાની જાહેરાત કરી હતી. ત્રાસવાદને પ્રોત્સાહન આપવા ઉપરાંત બેહરીને કતાર પર પોતાના આંતરિક મામલાઓમાં દરમિયાનગીરી કરવાનો આક્ષેપ પણ કર્યો છે.

# વ્યાજદર અંગે આજે ફેંસલો

## આરબીઆઈ પોલિસી બેઠક જુદા જુદા પડકારો વચ્ચે શરૂ : મોટાભાગના અર્થશાસ્ત્રીઓના મતે વ્યાજદર હાલમાં નહીં વધે : લોન સસ્તી થશે કે કેમ તેને લઇને સામાન્ય લોકો પણ ઉત્સુક : તમામ પાસા પર વિચારણા



નવીદિલ્હી, તા. ૬

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નિતી સમીક્ષાની બેઠક આજે વર્તમાન પડકારો, ફુગાવાની સ્થિતિ અને વિકાસ દરમાં ઘટાડા વચ્ચે શરૂ થઇ હતી. બે દિવસની બેઠક શરૂ થયા બાદ પ્રથમ દિવસે જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પોલીસી રેટમાં પ્રવર્તમાન સ્થિતીમાં કોઈ ફેરફાર કરવામાં આવશે કે કેમ તે અંગે આવતીકાલે ચિત્ર સ્પષ્ટ થશે. ગ્રોથમાં ઘટાડાની સ્થિતી અને નીચા ફુગાવાની સ્થિતી વચ્ચે બેઠક શરૂ થયા બાદ જુદા જુદા પાસા પર ચર્ચા કરવામાં આવી રહી છે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે હાલમાં આરબીઆઈ પોલીસી રેટમાં કોઈ ફેરફાર કરશે નહી. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, ફુગાવા ઉપર

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીર પ્રશ્ને મોદી સરકારની નિષ્ફળતા પર કોંગ્રેસ કારોબારીના આકરા પ્રહારો

નવી દિલ્હી,તા. ૬

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના નેતૃત્વમાં તેમના આવાસે કોંગ્રેસ કારોબારી સમિતિની આજે મહત્વપૂર્ણ બેઠક મળી હતી. બેઠકમાં મુખ્ય એજન્ડા કાશ્મીર અનો રાષ્ટ્રપતિ ચૂંટણી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. રાષ્ટ્રપતિ ચૂંટણીને લઈને કોંગ્રેસે એક સમાન વિચારધારા ધરાવનાર પક્ષો સાથે સંપર્ક કરીને એક સબ કમિટિ બનાવવાની જાહેરાત કરી છે. પરંતુ આમા કોણ કોણ લોકો રહેશે તે અંગે હજુ સુધી કોઈ માહિતી આપવામાંઆવી નથી. આ બેઠકમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી, પૂર્વ વડાપ્રધાન

**બેઠકમાં તમામ સળગતા વિષય ઉપર ચર્ચા**
**નોટબંધી મુદ્દે મોદી પર મનમોહનસિંહના પ્રહાર**

મનમોહનસિંહ, મોતીલાલ વોરા, ગુલામ નબી આઝાદ, એકે એન્ટોની, પી ચિદમ્બરમ, જનાર્દન દ્વિવેદી, અહેમદ પટેલ, અશોક ગહેલોત અને કારોબારીના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કારોબારીની બેઠકમાં સોનિયા ગાંધીએ મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. મનમોહનસિંહે પણ નોટબંધીને લઈને મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. મોડેથી વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે પત્રકારોને માહિતી આપી હતી. ગુલામ નબીએ સૌથી પહેલા હજુ સુધીના સૌથી ભારે રોકેટ જીએસએલવી માર્ક-૩ના સફળ લોંચને લઈને ઈસરોને શુભેચ્છા

● અનુસંધાન પાન-૭ પર

# દેશભરમાં સારા વરસાદની આગાહી

## ગુજરાત સહિત દેશમાં ખુબ જ સારો વરસાદ થશે : લોંગ પરિયડ એવરેજના ૯૮ ટકા સુધી મોનસુની વરસાદ થશે : મુંબઈમાં ૧૩-૧૪મી જૂન સુધી મોનસુનની એન્ટ્રી : દિલ્હીમાં મહિનાના અંતે વરસાદ થશે

નવીદિલ્હી, તા. ૬

મોનસુને કેરળ અને નોર્થ ઈસ્ટમાં એક સાથે એન્ટ્રી કરી દીધી છે. અમદાવાદ સહિત ગુજરાત ભરમાં મોનસુનની ૧૬-૧૭મી સુધી એન્ટ્રી થઈ શકે છે. ગુજરાતમાં ૧૦૦ ટકા વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ ખેડૂતોમાં અને અન્ય સંબંધિત વિભાગોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. હવામાન વિભાગે આજે જાહેરાત કરી હતી કે, આ મોનસુનની સિઝનમાં ખુબ સારો વરસાદ પડી શકે છે. એટલે કે મોનસુનમાં ૯૮ ટકા વરસાદ થશે. વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ૧૩-૧૪મી જૂન સુધી મોનસુન પહોંચશે જ્યારે દિલ્હીમાં મહિનાના અંત સુધી મોનસુનની એન્ટ્રી થશે. પત્રકાર પરિષદને સંબોધતા આઈએમડીના ડિરેક્ટર જનરલ કેજી રમેશે કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કાબુલમાં ભારતીય દૂતાવાસ પર રોકેડ પડયું

અફઘાનની રાજધાની



કાબુલમાં ભારતીય દૂતાવાસ પર મંગળવારે સવારે ૧૧ વાગે રોકેટ પડયું હતું. આ રોકેટ પડવાથી મોટો વિસ્ફોટ થયો હતો. જો કે કોઈને ઈજા થઈ નહોતી.

### ગોલ્ડન ટેમ્પલમાં ખાલીસ્તાન ઝીંદાબાદના નારા લાગ્યા

ઓપરેશન બ્લુ સ્ટારની ૩૩મી



વરસી નિમિત્તે ગોલ્ડન ટેમ્પલમાં મંગળવારે દેશ વિરોધી નારા લગાવાયા હતા. વહેલી સવારથી હજ્જારો શીખ સમુદાયના નાગરિકો એકઠા થવા લાગ્યા હતા. કેટલાક શીખ સંગઠનોએ ખાલીસ્તાન જીંદાબાદના નારા લગાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૧૯૮૪માં ગોલ્ડન ટેમ્પલમાં છુપાયેલા આતંકવાદીઓને ખદેડવા ઓપરેશન બ્લુ સ્ટાર કરાયો હતો.

### મેઘાલયમાં ભાજપને ઝટકો



મેઘાલયમાં બીફ મામલે વધુ એક ભાજપી નેતાએ રાજીનામું આપી દીધું છે. બીફના મામલે સર્જાયેલ વિવાદના પગલે પૂર્વીય ભારતમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે.

### મોહન ભાગવત અમિતાભ બચ્ચનને મળ્યા

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘ સંચાલકે બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચનની મુલાકાત લીધી હતી. બીગ બીના નિવાસસ્થાને ભાગવતે ભોજન લીધું હતું. રાષ્ટ્રીય પ્રશ્નો પર ચર્ચા થઈ હતી.જો કે એક ચર્ચા એમ પણ ચાલે છે કે અમિતાભ બચ્ચનને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવાની દરખાસ્ત આકાર લઈ રહી છે.

**વેચવાનું છે.**

ઓફિસનું જુનું ફર્નિચર અને ઈલેક્ટ્રીક વસ્તુઓ તથા પરચુરણ વસ્તુઓ વેચવાનું છે. રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી બંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. ઈન્સપેક્શન તારીખ ૧૨-૬-૨૦૧૭ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ દરમ્યાન કરી શકાશે.

મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત ઈન્ફર્મેટીક્સ લિમિટેડ
બ્લોક નં. ૧, ૮મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

**જોઈએ છે**

સફાઈ કામ તથા કેટરીંગ કામના અનુભવી / બિન અનુભવી સાઈટ સુપરવાઈઝર અને કોમ્પ્યુટર ઓપરેટરની તાત્કાલિક ધોરણે ભરતી કરવાની હોવાથી નીચે આપેલ નંબર પર ફોન કરવો.

મો. : ૯૭૧૨૯ ૫૦૮૦૭ / ૯૯૯૮૬ ૧૬૨૭૮
Email : omenterprise987@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

॥ જય હાટકેશ ॥
વસાવડા ગ્રુપ ટ્યુશન
ધોરણ : 6 થી 10 (Guj/Eng.)
અમારૂ ગૌરવ
કેન્દ્રમાં નવમો
P.R. 99.88
A1 GRADE
MEET SHAH

| | |
|---|---|
| અમન પઠાણ | 95.48 P.R. |
| મેહુલ ભરવાડ | 94.47 શાળામાં પ્રથમ |
| ખુશ્બુ બરંડા | 93.35P.R. |
| માયા પટેલ | 92.78 (Xaviers) |
| આશા ભરવાડ | 91.48 શાળામાં બીજો |

તથા તમામ સફળ વિદ્યાર્થીઓને "વસાવડા ગ્રુપ"ના અભિનંદન
અભ્યાસ સ્થળ : સે.22, સે.23, સે.2/A, સે.6/B
9998727508, 99987 27509

